SANDESH : AHMEDABAD | SUNDAY, 14 SEPTEMBER 2008

# સુપરનોવા એન્જિનિયર્સ લિ.એ હાંસલ કરેલો ૨૫ ટકાનો વૃદ્ધિદર



સુપરનોવા એન્જિનિયર્સ લિ.એ પાવર સોલ્યુશન્સ ક્ષેત્રમાં ૨૫ ટકાનો વૃદ્ધિદર નોંધાવ્યો છે. પાવર સોલ્યુશન્સ પુરા પાડતી સુપરનોવા એન્જિનિયર્સ લિ. રૂ.૧૦,૦૦૦ કરોડથી પણ વધારે પાવર જનસેટ્સ બજારમાં મહત્ત્વપૂર્ણ બજાર હિસ્સો મેળવવા કટિબદ્ધ છે. કંપનીની યોજનાઓ અંગેની વિગતો આપતા આ કંપનીના ચેરમેન અને મેનેજિંગ ડાયરેક્ટર સમીર મિસ્ત્રીએ જણાવ્યું હતું કે, 'દેશમાં માથાદીઠ વીજ વપરાશના પ્રમાણમાં ઘણો વધારો થયો છે. દેશમાં વીજળીનાં ઉપલબ્ધ પૂરવઠા અને માંગ વચ્ચે ઘણો મોટો તફાવત છે. દેશનાં જીડીપીમાં પણ વૃદ્ધિ નોંધાઈ રહી છે.' આ કંપની અમદાવાદનાં રાજપુરમાં અને સિલ્વાસામાં ઉત્પાદન એકમો ધરાવે છે. આ બંને એકમોની કુલ ઉત્પાદન ક્ષમતા વાર્ષિક ૮૫૦૦ જનસેટ્સની છે. જેમાં ૭.૫ કેવીએ થી ૨૨૦૦ કેવીએની ક્ષમતા સુધીના જનસેટ્સનો સમાવેશ થાય છે. સુપરનોવાનાં જનસેટ્સ વિશ્વની શ્રેષ્ઠ ટેકનોલોજીથી સજ્જ છે.